Charter No. 15139

RI DISTRICT : 3060

Charter Date : 29/05/1955

UNITE FOR GOOD

Rotary

Surendranagar, District 3060

: RI President :
**Rtn. Francesco Arezzo**

: Dist. Governor :
**Rtn. Amardeep Singh Bunet**

# UDGAM

**Bulletin No. 1** | **Year : 71** | **July Month Report**

Team Achievers

Club President : **Rtn. Hiren Shah**
Club Secretary : **Rtn. Jitesh Daftari**





Rotary Club of Surendranagar

# PRESIDENT'S MESSAGE

પ્રિય રોટેરિઅન મિત્રો,

આજ રોજ જયારે હું રોટરી કલબના પ્રમુખ તરીકેનો પહેલો મહિનો પૂર્ણ કરૂં છું. ત્યારે આનંદ અને ગૌરવની લાગણી અનુભવી રહ્યો છું. આ ટૂંકા સમયગાળા દરમ્યાન કલબના તમામ સભ્યો દ્વારા મળેલા સહકાર અને ઉત્સાહભર્યા સાથ બદલ હું હૃદયથી અભારી છું.

આપણે સૌએ મળીને કેટલીક નોંધપાત્ર પ્રવૃત્તિઓ સફળતાપૂર્વક પૂર્ણ કરી છે અને આવનાર દિવસોમાં વધુ પ્રેરણાદાયક પ્રોજેકટ હાથ ધરવાના છીએ. ‘‘Service above self’’ના મુલ્યને આત્મસાત કરીને આપણે સમાજમાં સકારાત્મક ફેરફાર લાવવાનું યથાશકિત યોગદાન આપતા રહીશું.

આ મિશનમાં આપ સૌનો સાથ ખુબજ અગત્યનો છે. આવી જ એકતા અને જુસ્સા સાથે આપણે રોટરીના કાર્યને નવી ઉંચાઈએ લઈ જઈશું.

**રો. હિરેન શાહ - પ્રેસીડન્ટ**

Rotary Club of Surendranagar

# SECRETARY'S MESSAGE



પ્રિય રોટેરિઅન મિત્રો,

રોટરી કલબ સુરેન્દ્રનગરના સેક્રેટરી તરીકેની જવાબદારી સંભાળ્યાને આજે એક મહિનો પૂરો થયો છે. આ અવધિ દરમિયાન જે પ્રેમ, સહકાર અને માર્ગદર્શન મળ્યું. એ બદલ હું કૃતજ્ઞ છું.

કલબના દરેક પ્રોજેકટ અને પ્રવૃત્તિએ મને આત્મવિશ્વાસ અને ઉત્સાહ આપ્યો છે, કે આપણે સચોટ દિશામાં આગળ વધી રહ્યા છીએ. પ્રમુખશ્રીના નેતૃત્વ હેઠળ અને સભ્યોના સહયોગથી આપણે રોટરીના સત્ય કાર્યને વધુ પ્રભાવશાળી બનાવી શકીશું. એવી પૂરી આશા છે.

આવતાં મહીનાઓમાં વધુ નવીન અને લોકહિતના પ્રોજેકટ સાથે આપણે સમાજમાં બદલાવ લાવવાનું યથાશકિત યોગદાન આપીશું.

સદૈવ સેવા ભાવના સાથે,

**રો. જીતેશ દફતરી - સેક્રેટરી**

## Project - 1

**પ્રોજેક્ટ : શુઝ ડિસ્ટ્રીબ્યુટર**
**પ્રોજેક્ટ ચેર : રો. હિરેન નાગર**
**ડોનર : રો. નિલેશ પંચોલી તથા રો. જીતેન્દ્ર રાઠોડ**

**તારીખ : ૧-૭-૨૦૨૫, મંગળવાર**
**સ્થળ : ખોડુ કુમાર શાળા**





રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના રોટેરિયન મિત્રો સ્પાઉસ સાથે ખોડુ કુમાર શાળામાં શુઝ ડિસ્ટ્રીબ્યુશન માટે તા. ૧-૭-૨૦૨૫ ના રોજ ગયા હતા. ત્યાં સ્કુલનાં બાળકો દ્વારા સુંદર સ્વાગત કરવામાં આવ્યું.

આ સ્કુલના પ્રિન્સીપાલ શ્રી મેહુલ આચાર્ય તથા સાથી શિક્ષકો દ્વારા સરસ તૈયારી કરવામાં આવી હીત. આ શાળામાં ૧૮૫ બાળકો હતા.

સરકારશ્રીના ગ્રાન્ટમાંથી તેમને ખૂબ સુંદર ડ્રેસ બનાવવમાં આવેલ પરંતુ શુઝના અભાવે તે અધૂરો લાગતો હતો. આ બાબતનું ધ્યાન પૂર્વ પ્રમુખશ્રી રો. સાગર શાહને આવતા તેમને આ બાળકોને શુઝ પુરા પાડવાની બાંહેધરી આપેલ, રો. નિલેશ પંચોલી તથા રો. જીતેન્દ્ર રાઠોડ દ્વારા આ પ્રોજેકટમાં ડોનેશન આપવામાં આવ્યું. પ્રોજેકટ ચેર રો. હિરેન નાગર દ્વારા દરેક બાળકની સાઈઝ સ્કૂલ પાસેથી એકત્રીત કરાવી તથા બજારમાંથી સારા ભાવે સારી કવોલીટીના સૂઝ મેળવી ખોડુ ખાતે પહોંચાડવામાં આવેલ.

શુઝ વિતરણ પ્રોજેકટની શરૂઆત પ્રેસિડન્ટ હિરેન શાહ, IPP રો. સાગર શાહ, રોટેરિયન મિત્રો તથા પ્રિન્સીપાલ શ્રી દ્વારા દિપ પ્રગટાવી શરૂઆત કરવામાં આવેલ.

હાજર રોટેરિયન મિત્રો દ્વારા દરેક બાળકોને સુઝ વિતરણ કરવામાં આવેલ ત્યાં વિદ્યાર્થી મિત્રોને સંજ્ઞા આચાર્ય પ્રિન્સીપાલ મેહુલ અચાર્ય દ્વારા સંબોધિત કરવામાં આવ્યા.

આ પ્રોજેકટની અંતે પ્રિન્સીપાલ શ્રી મેહુલ આચાર્ય પ્રેસિડન્ટ રો. હિરેન શાહ સન્માન કરવામાં આવ્યું.

આ પ્રસંગે રો. નિલેશ પંચોલી દ્વારા સ્કૂલને ફારો રૂા. ૨૫૦૦૦/- નું ડોનેશન જાહેર કરતા વિદ્યાર્થીઓની ખુશીની લાગણી પ્રસરેલી હતી.

આ પ્રોજેકટ દ્વારા ૧૮૫ લાભાર્થી સુધી રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર પહોંચી શકી હતી.












## Meeting - 1

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. ઉષા સેજપાલ**
**સુવિચાર : રો. પિનલ દેકેવાડિયા**
**ગ્રીટીંગ્સ્ : રો. રૂતા સોની**

**ફોરવે ટેસ્ટ : રો. મમતા દોશી**
**એટેન્ડન્સ : દિપલ મહેતા**

મીટીંગની શરૂઆતમાં મિષ્કા શાહ તથા રો. નિરજા શાહ નવકાર મહામંત્ર કર્યા.



રો. રશિમ્ન મહેતા એ ૧૦૦ મી વખત બ્લડ ડોનેશન કર્યું તેનો અહેવાલ રો. કમલેશ રાવલ દ્વારા આપાવમાં આવેલ વધુ જણાવેલ રો. રશ્મિન મહેતા જેમણે માનવતા માટે અનમોલ યોગદાન આપતા આ નિઃસ્વાર્થ સેવા ભાવના સમગ્ર સમાજ માટે પ્રેરણા રૂપ છે. પોતાની ૧૦૦ મી રકતદાન સેવાને પૂર્ણ કરી છે. સાલ ઓઢાડીને તેમનું સુરેન્દ્રનગર રોટરી કલબ તરફથી તેમને સન્માનિત કરવામાં આવ્યા.

શુઝ ડિસ્ટ્રીબ્યુશનો અહેવાલ રો. ઉદય રાવલ એ વિસ્તૃત માહિતી આપેલી.

નર્સરી પ્રોજેકટ વિશેની માહિતી પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવી.'કલાકર્મ પીઠ' પ્રોજેકટની વિસ્તૃત માહિતી આપતા પ્રો. ચેર મેઘાવિની રાવલ એ જણાવ્યું કે આત્મ વિશ્વાસ વધે રોજગારની તકો મળે તથા પોતાના સપનાઓ સાકાર કરી શકી. તે માટે વિવિધ કૌશલ્યની તાલીમ આપે છે. આ પ્રથાનું આયોજન એટલે કલાકર્મ પીઠ જેમાં સિવણ, બ્યુટી પાર્લર, મહેંદી, રેજિન આર્ટ વગેરે જેવી કળાઓ શિખવવામાં આવશે.



વર્ષ ૨૦૨૪-૨૫ એ ડિસ્ટ્રીક એવોર્ડના ફંકશનનો અહેવાલ રો. જય મહેતાએ આપેલ પ્રેસિડન્ટ સાગર શાહ તથા સેક્રેટરી પારસ સોલંકી આખા વર્ષ દરમ્યાન કામગીરી સાથે મળીને કરેલી તેવો આનંદ વ્યકત કરેલ આ એવોર્ડ માટે સુરેન્દ્રનગર રોટરી કલબ ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે.

નવનિયુકત ચાર મેમ્બર નિશા કેલા, પિનલ દેકેવાડિયા, ભાવેશ ઉપલા, વિનોદ કુરિયાનો પરિચય આપવામાં આવેલ.


ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555






## Project - 2

**પ્રોજેક્ટ : કલા કર્મ પીઠ**
**પ્રોજેક્ટ ચેર : રો. મેઘાવિની રાવલ**
**પ્રો.કો. ચેર : રો. અનિતા પટેલ**
**ડોનર : ડી. વી. શાહ**

**તારીખ : ૫-૭-૨૦૨૫, શનિવાર**
**સ્થળ : રત્નાકર એવન્યુ બીજે માળ જીનતાન રોડ, સુ.નગર**

પ્રોજેકટ ‘‘કલા કર્મ પીઠ’’ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર અને અનુબંધ સંસ્થાના સહયોગથી કરવામાં આવેલ છે. ‘‘કલા કર્મ પીઠ’’ના સહયોગથી વધુને વધુ બહેનો સરળતાથી તાલીમ લઈ અને પોતાના કાર્યોને તાલીમ - રોજગારીની સાંકળ રચવા માટે આ ઉપક્રમે પ્રોજેકટ શરૂ કર્યો છે.

આ પ્રોજેકટ અંતર્ગત સિવણ, બ્યુટી પાર્લર, મહેંદી, રેજિન આર્ટ, ભરત કામ, ખાટલી વર્ક જેવી કળાઓથી મહિલાઓને આત્મવિશ્વાસ અને રોજગારની તક મળે અને પોતાના સપનાઓ સાકાર કરી શકે તે હેતુથી શીખવવામાં આવે છે.

આ પ્રોજેકટના ઉદ્‌ઘાટન સમયે ડિસ્ટ્રીક ગવર્નર રો. અમરદિપ સિંહ બુનેટ ડિસ્ટ્રીકટ ફર્સ્ટ લેડી રો. કમલજીત કૌરના હસ્તે કરવામાં આવેલા, પ્રેસિડન્ટ રો. હિરેન શાહ, રો. સાગર શાહ ડિસ્ટ્રીક ગર્વનર રો. અમરદિપ સિંહ બુનેટ, અનુબંધ સંસ્થાના નિરૂપા શાહ આ કાર્યક્રમમાં બહેનોની સક્રિય હાજરી અને નિષ્ઠાપૂર્વકની સેવાભાવનાએ સમુહમાં એક નવી ઉર્જા અને ઉત્સાહનાં સંચાર કર્યો છે.

આ પ્રોજેકટ ત્રણ મહિના માટે કાર્યશીલ રહે તેવુ આયોજન હતુ પરંતુ અદ્‌ભુત પૂર્વ સફળતા મળ્યા પછી ‘કલા કર્મ પીઠ’ કલાસીસને અમે વધુ સમય અને વધુ કળાઓ શીખવવાનું નક્કી કરેલ છે અને ત્યારબાદ આ સ્કિલ ડેવલપમેન્ટ કલાસિસમાં અન્ય કોર્સનો પણ સમાવેશ કરવામા આવેલ છે. જેમાં નેઈલ આર્ટ, ફેબ્રિક જવેલરી, લીંપણ આર્ટ, કેન્ડલ મેકિંગ, કોશિયો વર્ક, મેકોન આર્ટ તથા યોગા જેવી વિવિધ પ્રવૃત્તિઓ શીખવવામાં આવશે.

આ પ્રોજેકટમાં રોટેરીયન મિત્રો તથા સ્પાઉસ બહોળી સંખ્યામાં હાજર રહેલા ત્યારબાદ આઈસ્ક્રીમ ખાઈને બધા છુટા પડયા.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555














## Project - 3

**પ્રોજેક્ટ : રોટરી નર્સરી ગાર્ડન**
**પ્રોજેક્ટ ચેર : પ્રેસિડન્ટ હિરેન શાહ**

**તારીખ : ૫-૭-૨૦૨૫, શનિવાર**
**સ્થળ : રોટરી હોલ, સુ.નગર**

આ પ્રોજેકટ રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરના હોલ ખાતે નર્સરી ગાર્ડનનું ઉદ્‌ઘાટન ડિસ્ટ્રીક ગવર્નર રો. અમરદિપસિંહ બુનેટ તથા ડિસ્ટ્રીક ફસ્ટ લેડી, રો. કમલજીત કોરના હસ્તે કરવામાં આવેલુ. આ નર્સરી માં ૨૦૦૦ જેટલા પ્લાન્ટ, ડેકોરેટીવ કુંડા તેમજ ખાતર રાખવામાં આવેલ, જે શહેરમાં ખૂબજ વ્યાજબી ભાવે વહેંચવામાં આવે છે. આ પ્લાન્ટ ગુજરાતનાં વિવિધ શહેરોમાંથી મંગાવેલ છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555










## Installation Ceremony

વર્ષ ૨૦૨૫-૨૬ ના પ્રમુખની ૭૨ મી ઈનસ્ટોલેન સેરેમની અનંતા પાર્ટી પ્લોટ ખાતે તા. ૬-૭-૨૦૨૫, રવિવારના રોજ યોજાયેલ હતી.

'માસ્ટર ઓફ સેરેમની' રો. સિધ્ધેશ વોરા તથા ડો. અમી વોરા હતા.

અતિથી વિશેષ ડિસ્ટ્રીક ગર્વનર રો. અમરદિપસિંહ બુનેટ, ડિસ્ટ્રીક ફર્સ્ટ લેડી કમલજીત કોર, આસીસ્ટન્ટ ગર્વનર રો. સંદીપ ગાંધી, રો. પરિતા ગાંધી, કી-નોટ સ્પીકર કૃષ્ણકાંત ઉનડકર વગેરેનું સ્વાગત પુષ્પ ગુચ્છથી કરવામાં આવ્યું.

આ કાર્યક્રમની શરૂઆત મહેમાનો દ્વારા દિપ પ્રાગટયથી કરવામાં આવી તેમજ રો. રાકેશ શાહની દિકરી કુ. ઈશા દ્વારા ખૂબ સુંદર પ્રાર્થન નૃત્ય રજુ કરવામાં આવ્યું હતું.

મીટીંગની શરૂઆત સાર્જન એટ આર્મસ રો. ચિરાગ શાહ દ્વારા કરવામાં આવી હતી. રો. નિરજા શાહ દ્વારા ફોરવે ટેસ્ટ વાંચવામાં આવ્યા હતા.

વર્ષ ૨૦૨૪-૨૫ આખા વર્ષ દરમ્યાન પ્રોજેકટની પ્રાયમરી માહિતી રો. સાગર શાહ તથા તથા વિસ્તૃત માહિતી રો. પારસ સોલંકી દ્વારા આપવામાં આવી હતી.

ડિસ્ટ્રીક ગર્વનર અમરદિપસિંહ બુનેટ દ્વારા ઈનકમીંગ પ્રેસીડન્ટ રો. હિરેન શાહ, સેક્રેટરી જીતેશ દફતરીને શપથ ગ્રહણ કરાવવામાં આવ્યું હતું. રો. સાગર શાહ અને રો. હિરેન શાહને પ્રેસીડન્ટ કોલર એકસ્ચેન્જ કરવામાં આવેલ તથા રો. પારસ સોલંકી દ્વારા રો. જીતેશ દફતરી સાથે સેક્રેટરી કોલર એકક્ષચેન્જ કરવામાં આવેલ.

ડિસ્ટ્રીક ગર્વનર અમરદિપસિંહ બુનેટ દ્વારા બોર્ડના દરેક મેમ્બરને શપથ લેવડાવવામાં આવેલ.

નવનિયુકત થયેલ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા આગામી વર્ષમાં કરવામાં આવનાર પ્રોજેકટની વિગતવાર માહિતી આપવામાં આવી હતી તથા ડિસ્ટ્રીક ગ્રાન્ટમાંથી એક આંખની હોસ્પીટલ તૈયાર કરવાનાં સંકલ્પ રજુ કરવામાં આવેલ.





ડીસ્ટ્રીક ગર્વનર રો. અમરદિપસિંહ બુનેટ દ્વારા આગમી વર્ષના ડિસ્ટ્રીક પ્રોજેકટો નવી RCC બનાવવા મેમ્બરશીપ ફાઉન્ડેશનના ગોલ વિષે માહિતગાર કરવામાં આવ્યા હતા.

પ્રેસીડનટ રો. હિરેન શાહ દ્વારા ડિસ્ટ્રીક ડયુઝનો ચેક ઈન્સ્ટોલેશન સાથેજ આપી ૧૦૦% મી ગીવીંગ કલબમાં વધુ એકવાર નામ જોડી દાખલા રૂપ કામ કરવામાં આવ્યું હતું

રોટરીના પ્રોજેકટ સંસ્થા સેવાલક્ષી માહિતી લોકોને મળે તે હેતુ થી રો. રૂતા સોની દ્વારા સંકલીત 'ધરોહર' નામની પુસ્તક લોંચીગ પણ દરેક પદાધિકારીઓના હસ્તે કરવામાં આવેલ સ્ટેજ ઉપર બિરાજમાન આમંત્રીતોનું મોમેન્ટો આપી અભિવાદન કરવામાં આવ્યું.

કી-નોટ સ્પીકર કૃષ્ણકાંત ઉનડકરનો પરિચય રો. ઉદયર રાવલ દ્વારા આપવામાં આવેલ. કૃષ્ણકાંત ઉનડકટ એ જીંદગી - સુખ અને સંબધ - આનંદ વિશે ખુબ સુંદર માનનીય વકતવ્ય આપ્યું હતું તેમના પુસ્તકોમાં ગહન ઉંડાણ હોય છે. જીવન અને સબંધો નીખરી સમજ વ્યકત થાય છે. માનવીય સંવેદના ને સ્પર્શતા લેખો, ચિંતનની પળો, દરેક વાંચકોને પ્રિય છે તેના ઉપર ખૂબ સરસ વાત કરેલ કૃષ્ણકાંત ઉનડકટ ગુજરાતી સાહિત્યના લેખક છે. વિવિધ પ્રેરણાત્મક પ્રસંગ દ્વારા સમજુતી આપવામાં આવી ખૂબ સુંદર વિચારો સાથે સ્પીચની પૂર્ણતા કરેલ.

ડિસ્ટ્રીક ગવર્નર રો. અમરદિપસિંહ બુનેટ તથા ડિસ્ટ્રીક ગવર્નર ફસ્ટ લેડી, રો. કમલજીત કૌર, નિશા કેલા, પિનલ દેકેવાડિયા, ભાવેશ ઉપલા, વિનોદ કુરિયા આ ચારેય નવા મેમ્બરને રોટરી પિન પહેરાવી ઈન્સ્ટોલ કરવામાં આવેલ તથા કિર્તી રાઠોડને ઈન્ડકટ કરવામાં આવ્યા.

વઢવાણ તાલુકાના ધારાસભ્ય જગદીશભાઈ મકવાણા, નગરપાલિકાના પુર્વ પ્રમુખ વિરેન્દ્ર આચાર્ય તેમજ એસ. કે. પી. બેરીંગ ઈન્ડસ્ટ્રીઝના સંગીતાબેન, પલસીકર સાહેબ અનુબંધ સંસ્થાના નિરૂપા શાહ તથા વઢવાણ, હળવદ રોટરેકટ કલબના હોદ્દેદારો, રોટરી કલબ ઓફ વઢાણ, વઢવાણ મેટ્રો રોટરેકટ કલબ તથા અન્ય સંસ્થાના નામાંકિત લોકો ઉપસ્થિત રહ્યા હતા.

નવનિયુકત સેક્રેટરી રો. જીતેશ દફતરી દ્વારા ખૂબ સુંદર રીતે આભાર વિધિ કરવામાં આવેલ ત્યારબાદ રાષ્ટ્રગીત ગાઈને કાર્યક્રમની પૂર્ણાહુતી કરેલ. આ દિવસની ફેલોશીપ પ્રેસીડન્ટ રો. હિરેન શાહ દ્વારા આપવામાં આવેલી, સૌએ સ્વાદિષ્ટ ભોજનની મજા માણી હતી.






















## Project - 4

પ્રોજેક્ટ : વર્ક બુક, નોટબુક તથા સ્લેટ ડિસ્ટ્રીબ્યુશન
પ્રોજેક્ટ ચેર : કે. એન. પટેલ

તારીખ : ૮-૭-૨૦૨૫, શનિવાર
સ્થળ : પ્રાથમિક શાળા, લટુડા

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર દ્વારા લટુડા પ્રાથમિક શાળામાં બાલવાટિકા અને ધો. ૧ ના તમામ વિદ્યાર્થીઓને નોટબુક અને એક ભાષાને પ્રયોગપોથી અને એક ગણિતની

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

પ્રયોગપોથી અને સાથે નોટબુક અને મેજિક સ્લેટ સહિતની કીટ આપી બાળકોને આ પ્રોત્સાહિત કર્યા અને બીજા ધોરણ-૨ ના તમામ વિદ્યાર્થીઓને નોટબુક અને મેઝીક સ્લેટનું વિતરણ કરવામાં આવ્યું તેમજ તમામ સ્ટાફ (ગુરૂજનો) ને પેન સ્મૃતિ તરકે અર્પણ કરી પ્રોત્સાહિત કરવામાં આવેલા આ કાર્યક્રમમા પ્રેસિડન્ટ હિરેન શાહ, સેક્રેટરી જીતેશ દફતરી તેમજ પ્રોજેક્ટ ચે. કે.એન.પટેલ તેમજ અન્ય મેમ્બર્સ હાજરી આપી આ કાર્યક્રમને સફળ બનાવ્યો સાથે આચાર્યશ્રી શીતલબેન અને શિક્ષીકો અને ગામના અગ્રણી દિલીપભાઇ સહિત બધાનો ખૂબ સારો પ્રતિસાદ મળ્યો છે.









## Project - 5

**પ્રોજેક્ટ : બેડશીટ ડિસ્ટ્રીબ્યુશન,** **તારીખ : ૯-૭-૨૦૨૫, બુધવાર**
**ડોનર : (શ્રી ફાઉન્ડેશન) એસ. કે. પી. બેરીંગ** **સ્થળ : શ્રમિક સેવા ટ્રસ્ટ આશ્રમ**

તા. ૯-૫-૨૦૨૫ બુધવારના રોજ રોટરી કલબ સુરેન્દ્રનગર દ્વારા શ્રમિક સેવા ટ્રસ્ટની આશ્રમ શાળામાં ૧૫૦ નવી બેડશીટ બાળકોને અર્પણ કરવામાં આવી, આશ્રમના બાળકો માટે આરામદાયક નિંદ્રા અને સ્વચ્છતાને ધ્યાનમાં રાખવામાં આવેલ.

આ આશ્રમનું સંચાલન ગત વર્ષના ઓનરરી મેમ્બર તૃપ્તિબેન કરી રહ્યા છે આ આશ્રમના બાળકો ૧ થી ૮ ધોરણ સુધી ભણે છે. આ છાત્રાલયમાં પ્રવેશ લેનાર બાળકની ઉંમર છ વર્ષની હોય છે અને મા બાપ મજુરીએ જાય છે તો બાળકને કોણ સાચવે એટલા માટે બાળક અહી મુકી જાય છે બાળક અહી જ ભણે, રમે, મોટા થાય અને જવાબદારી લેતા પણ શીખી જાય છે. આ પ્રોજેક્ટ દ્વારા બાળકોને નવી બેડ સીટ મળતા બાળકોમાં ખુશીની લાગણી જોવા મળી હતી.

આ પ્રોજેકટમાં રોટેરીયન મિત્રો અને સ્પાઉસની સારી સંખ્યામાં ઉપસ્થિતી હતી. શ્રી ફાઉન્ડેશન દ્વારા આ પ્રોજકટમાં સારૂ ડોનેશન મળેલ હતું.




ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555








## Meeting - 2

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. પિનલ દેકેવાડિયા** **ફોરવે ટેસ્ટ : લીના પટેલ**
**સુવિચાર : અમિતા પટેલ** **એટેન્ડન્સ : રો. ચિંતન રાવલ** **ગ્રીટીંગ્સ્ : રો. કલ્પના મહેતા**

તા. ૯-૭-૨૦૨૫ બુધવારના રોજ મીટીંગની શરૂઆતમાં ૨૦૨૫-૨૬ ના વર્ષની પરંતુ ઈનસ્ટોલેશન પછી પ્રથમમાં 'કલા કર્મપીઠ' પ્રોજેક્ટનો અહેવાલ વિગતવાર માહિતી મેઘાવીની રાવલ તથા અનિતા પટેલ દ્વારા આપવામાં આવેલ.

નર્સરી પ્રોજેક્ટનો અહેવાલ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા આપવામાં આવેલ,' મ ા સ ્ ટ ર ઓફ સેરેમની'નો અહેવાલ ડો. અમી વોરા દ્વારા વિસ્તૃત માહિતી આપવામાં આવેલ, વર્કબુક ડિસ્ટ્રીબ્યુશન પ્રોજેક્ટનો અહેવાલ કે.એન. પટેલ દ્વારા આપવામાં આવલ.

સ્કુલબેગ, નોટબુક તથા બેડ શીટ ડિસ્ટ્રીબ્યુશન કયાં અને કેવી રીતે કરવા તે પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા કરાવામાં અવી.

## Project - 6

**પ્રોજેક્ટ : સ્કુલ બેગ ડિસ્ટ્રીબ્યુશન** **તારીખ : ૧૧-૭-૨૦૨૫, શુકવાર**
**પ્રોજેક્ટ ચેર : રો. પિનલ ડેકેવાડિયા** **સ્થળ : શ્રી નગરા કન્યા પ્રાથમિક શાળા**
**ડોનર : (શ્રી ફાઉન્ડેશન) એસ. કે. પી. બેરીંગ**

સ્કુલના નિયમ મુજબ પ્રાર્થના કરવામાં આવી, દિપ પ્રાગટ્યથી શરૂઆત કરવામાં આવી.

શ્રી નગરા કન્યા શાળાના ૫૮ સ્કુલ બેગ વિદ્યાર્થીઓને આપવામાં આવી ત્યારબાદ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ તથા પ્રોજેક્ટ ચેર પિનલ દેકેવાડિયાએ આચાર્યશ્રીને લાગણીને માન આપી રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરની વિવિધ એકિટીવીટ તેમજ સેવાકીય પ્રવૃત્તિની વિગતવાર માહિતી આપી.

પ્રેસિડન્ટ હિરેન શાહને શાલ ઓઢાડીને તથા રોટેરિયન મિત્રો પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવ્યું. આ પ્રસંગે રો. કે. એન. પટેલ તથા બીના પટેલ દ્વારા બાળકોને વેફર્સનો નાસ્તો કરાવવામાં આવ્યો વિદ્યાર્થીઓના ચહેરા પર ખુશી અને ઉત્સાહ જોવા મળી હતી.

શાળાના શિક્ષકો તથા રોટરી કલબના સભ્યોની ઉપસ્થિતિમાં કાર્યક્રમ સફળતા પૂર્વક સંપન્ન થયો, બાળકોને વધુ ઉત્સાહથી અભ્યાસ કરવા માટે પ્રોત્સાહીત કરવામાં આવેલ હતા.

આ પ્રોજેકટના દા.તા. એસ. કે. પી બેરિંગ (શ્રી ફાઉન્ડેશન) દ્વારા ડોનેશન મળેલ સુરેન્દ્રનગર રોટરી કલબ ખૂબ ખૂબ આભાર વ્યકત કરે છે.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555









## Project - 7

**પ્રોજેક્ટ : સ્કુલ પ્રવેશ ઉત્સવ**
**પ્રોજેક્ટ ચેર : રો. રાકેશ શાહ**
**ડોનર : (શ્રી ફાઉન્ડેશન) એસ. કે. પી. બેરીંગ**

**તારીખ : ૧૪-૭-૨૦૨૫, શુક્રવાર**
**સ્થળ : માનવ સેવા અંધ વિદ્યાલય, રેલ્વે સ્ટેશન રોડ, સુ.નગર**

માનવ સેવા ટ્રસ્ટ સંચાલિત બહેરા, મુંગા અને દૃષ્ટિહીન બાળકોની શાળામાં તા. ૧૪-૭-૨૦૨૫ ના રોજ વિદ્યારંભ સંસ્કાર કાર્યક્રમનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું કાર્યક્રમની શરૂઆત શાળાના આચાર્યશ્રીના સ્વાગત પ્રવચન અને સંસ્થા પરિચય સાથે થઈ હતી.

ત્યારબાદ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ સેક્રેટરી રો. જીતેશ દફતરી ભારતીય જનતા પાર્ટીના વર્ષાબેન દોશીએ કાર્યક્રમની શરૂઆત દિપ પ્રગટયથી કરવામાં આવેલ તથા મહેમાનોનું પુષ્પ ગુચ્છ થી સ્વાગત કરવામાં આવેલ.

વિદ્યાર્થીઓ દ્વારા મુક અને બધિર હોવા છતા પૂર્વ પ્રેકટીસ કરીને અભિનય સ્વાગત ગીતો, બાળગીતો સાંસ્કૃતિક પ્રોગ્રામ રજુ કર્યા હતા. જે મહેમાનો માટે એક મંત્રમુગ્ધ કરનારી અનુભુતિ સાબિત થઈ.

પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા ખૂબ જ સુંદર વાકયમાં સંસ્થાના બાળકોને ઉદ્‌બોધન કરેલ તેમજ વર્ષાબેન દોશી પોતાના ઉદ્‌બોધનમાં રોટરી કલબ સુરેન્દ્રનગર સંસ્થાના વિદ્યાર્થીઓ, શિક્ષકો, તથા સંચાલકગણ સેવા અને સમર્પણના ભાવને ખૂબ સરાહ્યા અને સૌને ઉત્સાહિત કર્યા.



આ પ્રસંગે એસ. કે. પી. બેરિંગ (શ્રી ફાઉનડેશન) દ્વારા બાળકોને ૫૦ સ્કુલબેગ અપર્ણ કરવામાં આવેલ તથા રો. રૂતા સોની, રો. વિપુલ સોની તેમના પિતાશ્રીના સ્મણાર્થે બાળકોને સ્કુલડ્રેસ તેમજ વયોવૃધ્ધ બહેનોને સાડી, વયોવૃદ્ધ પુરૂષોના પેન્ટ શર્ટ જોડી અર્પણ કરવામાં આવી.

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



રો. અપૂર્વ શેઠ તથા કામિની શેઠની લગ્નની વર્ષગાંઠ નિમીત્તે બાળકો માટે મિષ્ઠાન ભોજનની પણ વ્યવસ્થા કરી હતી. નાના બાળકો વૃધ્ધો ખૂબ જ ઉત્સાહિત આનંદિત થયા હતા આ પ્રોજેક્ટ ખુબ જ સફળ રહયો.

અંતમાં રો. નિશા કેલા દ્વારા આદરભર્યું શિસ્તબધ્ધ, ભાવનાત્મક રીતે આભાર વિધી કરવામાં આવી હતી.














## Project - 8

**પ્રોજેક્ટ : રેનકોટ તથા સ્કુલ બેગડિસ્ટ્રીબ્યુશન**
**પ્રોજેક્ટ ચેર : રો. નિતીન પટેલ**
**ડોનર : રો. કલ્પેશ ગોસ્વામી**

**તારીખ : ૧૬-૭-૨૦૨૫, બુધવાર**
**સ્થળ : ઉપાસના વિકલાંગ કેન્દ્ર, જવાહર ગ્રાઉન્ડ રોડ, સુ.નગર**

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

સુરેન્દ્રનગર દ્વારા ઉપાસના વિકલાંગ કેન્દ્રની મુલાકાત લેવામાં આવી જેમાં અભ્યાસ કરતા જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને મોસમની શકયતાને ધ્યાનમાં રાખી રેઈનકોટનું વિતરણ કરવામાં આવ્યું.

દિપપ્રાગટ્ય તથા પ્રાર્થના દ્વારા કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી.

આ કાર્યક્રમ અંતર્ગત સારી કવોલીટીના રેઈનકોટ તથા ૫૧ સ્કુલ બેગ આપવામાં આવ્યા. દરેક વિદ્યાર્થીની આનંદની લાગણી જોવા મળી.

આ કેન્દ્રમાં રહેલા બાળકોને રાખડી, દિવા તેમજ અન્ય હસ્તકલા વસ્તુઓ બનાવવા માટે તાલીમ આપવામાં આવ છે. બાળકો મહેનતથી સુંદર વસ્તુઓ બનાવીને તેનું વેચાણ પણજ્ઞ કરે છે. તેનાથી તેમનો આત્મવિશ્વાસ વધે છે. સમાજમાં પોતાની વિશિષ્ટ ઓળખ બનાવી શકે છે.

પ્રેસિડન્ટ રો. હિરેન શાહ તથા રો. ઉદય રાવલ દ્વારા સુરેન્દ્રનગર રોટરી કલબના પ્રોજેક્ટ તથા સ્કુલના બાળકોની જરૂરિયાતની ચર્ચા કરવામાં આવી સંસ્થાની કામગીરીથી ખૂબ પ્રભાવિત થયા અને તેનાથી ખુશ થઈને રો. અર્પુવ શેઠ રૂા. ૧૧૦૦, પ્રેસીડન્ટ હિરેન શાહ તરફથી રૂા. ૧૦૦૦, રો. ઉદય રાવલ તરફથી રૂા. ૧૦૦૦, રો. ચિંતન રાવલ તરફ ચોકલેટનું અનુદાન આપવામાં આવ્યું તથા જતીન મહેતા તરફથી આવનાર દિવસમાં બાળકોને જમાડવાનું પ્રોમીસ આપવામાં આવ્યું.














ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Meeting - 3

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : માયા રાવલ** | **ફોરવે ટેસ્ટ : રો. રક્ષા શાહ**
**સુવિચાર : રો. કલ્પના મહેતા** | **એટેન્ડન્સ : મેઘાવિની રાવલ**
**ગ્રીટીંગ્સ્ : અમી વોરા**

નગરા કન્યાશાળા પ્રોજેકટનો અહેવાલ રો. પિનલબેન દ્વારા આપવામાં આવેલ.

માવન સેવા સંઘ અંધ વિદ્યાલય સ્કૂલ ડ્રેસ તથા સ્કુલબેગનો અહેવાલ પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા આપવામાં આવ્યો તેમજ ઉપાસના વિકલાંગ કેન્દ્ર રેઈનકોટ તથા સ્કુલબેગ ડિસ્ટ્રીબ્યુશનનો અહેવાલ રો. નિતીન પટેલ દ્વારા આપવામાં આવેલ.



તા. ૧૭-૭-૨૦૨૫ ના રોજ સ્કુલ ડ્રેસ વિતરણ પ્રોજેકટની ચર્ચા પ્રેસિડન્ટ રો. હિરેન શાહ દ્વારા કરવામાં આવી.

તા. ૨૭-૭-૨૦૨૫ ના રોજ ફંડ રાઈઝીંગ ડ્રામા 'પત્ની નચાવે તેને કોન નચાવે' તેની વિગતવાર માહિતી રો. દિલિપ શાહ દ્વારા આપવામાં આવેલ. સોલાર પ્રોજેકટ દહેગામ વિદ્યાલયમાં કરવો તથા અન્નપૂર્ણા પ્રોજેકટ કયાં અને કેવી રીતે કરવો તેમજ ૧૨ મહિના અન્નપૂર્ણા પ્રોજેકટની વિસ્તૃત માહિતી પ્રેસિડન્ટ રો. હિરેન શાહએ આપેલ હતી.

## Project - 9

**પ્રોજેક્ટ : સ્કુલ બેગ વિતરણ** | **તારીખ : ૧૭-૭-૨૦૨૫, ગુરૂવાર**
**પ્રોજેક્ટ ચેર : જયદિપ માથરોટિયા** | **સ્થળ : વઢવાણ ઘરશાળા**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રન દ્વારા વઢવાણ ઘરશાળા (વિનય મંદિર હાઈસ્કુલ) વિદ્યાર્થીઓને ૫૦ સ્કુલ ડ્રેસ અર્પણ કરવામાં આવ્યા.

વિનય મંદિર સ્કુલના આચાર્ય પરમાર સાહેબ, વાઢેર સાહેબ, રતિલાલ સાહેબ, તૃપ્તિ શુકલ ઉપસ્થિત રહ્યા હતા તથા રોટરી પરિવારનું સ્વાગત કર્યું હતું.

પ્રેસિડન્ટ રો. હિરેન શાહ, રો. રશ્મીન મહેતા વિદ્યાર્થીઓને આગવી શૈલીમાં સંવાદ કરેલ આ કાર્યક્રમનો મુખ્ય ઉદ્દેશ્ય જરૂરતમંદ વિદ્યાર્થીઓને શિક્ષણમાં પ્રેરણા આપવા અને તેમનું આત્મવિશ્વાસ વધારવા માટે હતો. દરેક વિદ્યાર્થીઓના ચહેરા પર સ્મિતની લાગણી જોવા મળી.

આ પ્રોજેકટ રો. જયદિપ માથરોચિયાના પિતાશ્રી ના સ્મણાર્થે એમની પૂણ્યતિથિ નિમિત્તે તથા તેમના પૌત્ર સ્મિતના જન્મદિવસના અનુસંધાનમાં કરવામાં આવ્યો.





ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555





## Project - 10

**પ્રોજેક્ટ : સ્કુલ બેગ વિતરણ**
**પ્રોજેક્ટ ચેર : રો. પિનલ દેકેવાડિયા**
**ડોનર : રો. ડી. વી. શાહ**
**તારીખ : ૧૮-૭-૨૦૨૫, શુક્રવાર**
**સ્થળ : ખોડુ કુમાર શાળા**

આ પ્રોજેકટની શરૂઆત દિપ પ્રાગટ્યથી કરવામાં આવી. રો. પિનલ દેકેવાડિયા દ્વારા રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગરની વિવિધ પ્રવૃત્તિ તેમજ ચાલી રહેલા પ્રોજેકટની વાત કરી હતી.

બાલવાટિકાથી ધો. ૮ સુધીના વિદ્યાર્થીઓને ૧૮૨ સ્કુલ બેગ અર્પણ કરવામાં આવ્યા, ખોડું કુમાર શળાના પ્રિન્સીપાલ મેહુલ આચાર્યનો આ દિવસે જન્મ દિવસ હોવાથી તેમના તરફથી સમગ્ર સ્ટાફ તેમજ વિદ્યાર્થીઓને ખમણ તેમજ પેપ્સી ખવડાવીને આનંદ કરાવ્યો.

આ વર્ષના નવા મેમ્મબર રો. પિનલ દેકેવાડિયાએ પ્રોજેકટની સંપૂર્ણ જવાબદારી લીધી હતી અને આ પ્રોજકેટને સફળતા અપાવી હતી.











ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555



## Project - 11

**પ્રોજેક્ટ : વૈદિક મેથ્સ (Session 1)**
**પ્રોજેક્ટ ચેર : રો. નિશા કેલા**
**તારીખ : ૨૨-૭-૨૦૨૫, મંગળવાર**
**સ્થળ : વઢવાણ શાળા નં. ૧૩**

‘‘વૈદિક મેથ્સ’’ પ્રોજેકટનો મુખ્ય હેતુ મેથ્સને સરળ રીતે શીખવવાનો તથા બાળકોનો મેથ્સનો ભયદુર કરવાનો હતો. તથા મેથ્સની સરળ સમજણ અને ‘ડિઝિટલ સ્ક્રીન’ સાથે શીખવવામાં આવ્યું. રો. નિશા કેલાના માર્ગદર્શન અને પ્રયાસોથી આ પ્રોજેકટ વિદ્યાર્થીઓને સરળ સમજણ, આધુનિક શિક્ષણથી શીખવવામાં આવ્યું.

આ પ્રોજેકટ આધુનિક શિક્ષણ અને પરંપરાગત મુલ્યો વચ્ચેનો સારો સંતુલન ઉભો કર્યો જે બાળકોએ આનંદપૂર્વક ભાગ લીધો.




## Meeting - 4

**મીટીંગ કોલ ટુ ઓર્ડર : રો. જાની સાહેબ**
**સુવિચાર : રો. દિલિપ શાહ**
**ગ્રીટીંગ્સ્ : રો. કલ્પના મહેતા**
**ફોરવે ટેસ્ટ : રો. સિધ્ધેશ વોરા**
**એટેન્ડન્સ : રો. ચિંતન રાવલ**

ખોડુ કુમાર શાળામાં સ્કુલ બેગનો અહેવાલ રો. રક્ષા શાહ દ્વારા આપવમાં આવ્યો.

આવનાર ફંડ રેઝીંગ પ્રોજેકટ ‘‘પત્ની નચાવે તેણે કોણ બચાવે’’ તેની માહિતી રો. દિલિપ શાહે આપી. નવરાત્રિ પ્રોજેકટની પ્રાયમરી માહિતી પ્રેસિડન્ટ રો. હિરેન શાહ તથા રો. સિદ્ધેશ વોરા એ આપી બોર્ડ મીટીંગની ચર્ચા સેક્રેટરી રો. જીતેશ દફતરી દ્વારા કરવામાં આવી.

આવનાર ચેસ કોમ્પીટીશનની પ્રાયમરી માહિત રો. જયેશ પંચોલી એ આપી હતી.

ઘરશાળા (વિનય મંદિર હાઈસ્કૂલ) તેનો વિસ્તૃત અહેવાલ રો. ભાવના મહેતા દ્વારા આપવામાં આવ્યો.

## Project - 12

**પ્રોજેક્ટ : અન્નપૂર્ણા (૧)**
**પ્રોજેક્ટ ચેર : રો. નિતિન પટેલ**
**પ્રો. કો. ચેર : રો. ચિંતન રાવલ**
**તારીખ : ૨૨-૭-૨૦૨૫, મંગળવાર**
**સ્થળ : સ્લમ એરીયા**
**ડોનર : રો. અલ્પેશ સોની(શુભમ જવેલર્સ)**

રોટરી કલબ ઓફ સુરેન્દ્રનગર તરફથી વર્ષમાં ૧૨ ‘‘અન્નપૂર્ણા’’ પ્રોજેકટ અલગ-અલગ સ્લમ એરીયા તથા જરૂરિયાત વાળા બાળકો હોય તેવી સંસ્થામાં કરવાનું રાખેલ છે. આ ૧૨ પ્રોજેકટના દા.તા. રો. અલ્પેશ સોની ના પિતાશ્રી ધીરજલાલ સોનીના સ્મણાર્થે કરવાના છે.

અન્નપૂર્ણા પહેલો પ્રોજેકટ ઉપાસના વિકલાંગ પુનઃવર્સન કેન્દ્ર તા. ૨૪-૭-૨૦૨૫નો રોજ કરવામાં આવ્યો કુલ ૧૦૮ વિકલાંગ બાળકો છે તેમાથી ૫૫ બાળકો સોમવાર, બુધવાર, શુક્રવારે આવે છે. ૫૩ બાળકો મંગળવાર, ગુરૂવાર, શનિવારે આવે છે. આ પ્રોજેકટ ગુરૂવાર અને શુક્રવાર એમ કરેલ છે. જેથી બધા બાળકોને લાભ મળી શકે આ પ્રોજેકટમાં

ideal
Ideal House, Jawahar Road, Surendranagar.
M. 96242 06000 - 84900 55555

પુરી, શાક, દાળ, ભાત, શ્રીખંડ, બટેકાવડા, ભુંગળા હતા. રો. અલ્પેશ સોનીના પરિવાર તથા રોટેરિયન મિત્રો સ્પાઉસ સાથે જાતે પિરસીને જાતે જમાડેલા તથા બાળકોને રો. અલ્પેશ સોનીના પરિવાર તરફથી ફાઈવ સ્ટાર ચોકલેટ આપવામાં આવી. બીજા દિવસે બાકી રહેલ ૫૩ બાળકોને પણ ફરસાણ અને સ્વીટ્ સાથે દાળ, ભાત, શાક અને રોટલીનું સંપૂર્ણ ભોજન કરાવેલ.

બે દિવસને અંતે પહેલો ''અન્નપૂર્ણા'' પ્રોજેક્ટ પૂરો થયો. રો. નિતિન શાહ રૂ. ૨૦૦૦ તથા જતિન મહેતા તરફથી ૬ કિલો પાપડી આપેલ.
















## CAKES AND CANDLES




| | | | | |
|---|---|---|---|---|
| 6 | July | Ann. | Prachi Jayeshbhai Pancholi | B. D. |
| 7 | July | Ann. | Rakesh Chinubhai Shah | B. D. |
| 7 | July | Spo. | Rina Bhavinbhai Gohil | B. D. |
| 7 | July | Spo. | Heer Hirenbhai Nagar | B. D. |
| 8 | July | Rtn. | Bhavnaben Rasminbhai Mehta | B. D. |
| 9 | July | Ann. | Rohan Parimalbhai Doshi | B. D. |
| 10 | July | Rtn. | Nirja Sagarbhai Shah | B. D. |
| 10 | July | Rtn. | Bhavikbhai & Jinalben Vora | W. A. |
| 12 | July | Spo. | Vandanaben Rushabhbhai Shah | B. D. |
| 14 | July | Spo. | Jinalben Bhavikbhai Vora | B. D. |
| 14 | July | Rtn. | Apurv & Kamini Sheth | W. A. |
| 14 | July | Ann. | Mahir parth Atulbhai Doshi | B.D. |
| 16 | July | Ann. | Viraj Harpalsinh Jadeja | B.D. |
| 17 | July | Ann. | Smit Jaydipbhai Mathrotiya | B.D. |
| 18 | July | Rtn. | Dipakbhai & Ushaben Sejpal | W. A. |
| 24 | July | Spo. | Smitaben Parimalbhai Modi | B. D. |
| 25 | July | Rtn. | Nitinbhai & Raxaben Shah | W. A. |
| 27 | July | Ann. | Dr. Karishma Kamleshbhai Raval | B. D. |
| 30 | July | Rtn. | Parimalbhai Modi | B. D. |
| 30 | July | Ann. | Jeneil Rashminbhai Mehta | B. D. |
| 31 | July | Rtn. | Jitendra Rathod | B. D. |

CLUB CONTACTS

PRESIDENT
Rtn. Hiren Shah
90677 89182
hirenshah6699@gmail.com

SECRETARY
Rtn. Jitesh Daftari
98252 23552
daftory@hotmail.com

BULLETIN EDITOR
Rtn. Krishna Solanki
94081 12173
krishnaomicron@gmail.com

Publisher : Rotary Club of Surendranagar